વર્ષ-૧૨, અંક-૮, સંવત ૨૦૭૨ શ્રાવણ વદ-૧૦,
પ્રસિધ્ધ તા. ૨૭-૦૮-૨૦૧૬, શનિવાર
છુટક નકલ રૂા. ૫-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





ચચ્છુ શ્રુષયા શુશિષ્યાણાં ચિત્તમાશુ વિશુધ્ધ્યતિ ।
યત્કૃપાલેશ માત્રેણ જનો જ્ઞાનં ચ વિન્દતિ ॥
યત્સેવનાચ્ચ શિષ્યાણામષ્ટશવિભેદનમ્ ।
જાયતે લભ્યતે મોક્ષસ્તસ્મૈ વ્યાસાય મે નમઃ ॥

જેઓની શુશ્રુષા કર્યાથી સારા શિષ્યોના ચિત્તની વિશુદ્ધિ થાય છે, જેમની થોડી કૃપાથી (પણ) માનવ જ્ઞાન પ્રાપ્ત કરે છે, જેમના સેવનથી શિષ્યોના આઠ પાશ (ઘૃણા, લજ્જા, ભય, શંકા, નિંદા, કુલાભિમાન, પ્રકૃતિસ્વભાવ અને જાતિઅભિમાન) છુટી જાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે. તેવા (સદ્ગુરુ વલ્લભ) વ્યાસને વંદન હો.

પરાવાણ્યાં પ્રચોક્તાડડસ્તે કૃપાં વર્ષયતેડનિશમ્ ।
ચ ઉચ્ચમાર્ગે નયતે મુમુક્ષૂન પ્રેમપૂર્વકમ્ ।
યદ્ધ્યેય મોક્ષધર્માભિમુખ્યત્વપરિપાલનમ્ ॥
રમૂજિગુરુદેવં તં સર્વદા નિર્મલં નમઃ ॥

જેઓ પરાવાણીના વક્તા છે, હંમેશા કૃપા વર્ષાવે છે. મુમુક્ષોઓને પ્રેમપૂર્વક ઉચ્ચ માર્ગે લઈ જાય છે. જેમનું ધ્યેય લોકોને મોક્ષધર્મમાં અભિમુખ કરીને તેનું પાલન કરાવવાનું છે, તે નિર્મલ એવા ગુરુદેવ રમુજીલાલને અમો હંમેશા પ્રણામ કરીએ છીએ.

(ગતાંગથી ચાલુ...)

અનીતિથી ધન એકઠું કરનારને અતિ ઊંડે પછાડવા માટે કુદરત વધુ ધન આપે છે. પણ કુદરતની અકથ્ય લીલાની પાછળ શું છુપાયેલું છે, તે આપણને સમજાતું નથી. કેટલાક અનીતિ કરનારાના હૃદયમાં કોઈ કોઈ વાર થાય છે કે મેં અમુક ધન હરામનું તથા અપ્રમાણિકતાથી, દગા કપટથી મેળવ્યું છે, તે તેના ખરા માલિકને પાછું આપી દઈ પાપદોષ નિવારણ કરું. આ રીતે ધન પાછું આપવા કેટલાક તત્પર થાય છે. છતાં આપવા બેસતી વખતે હૈયા ઉપર જમ ચઢી બેસે છે અને પાછું આપતાં અચકાઈ જઈ આપી શકતા નથી. મારા સ્ત્રી-પુત્ર-પરિવારની શું દશા થશે ઈત્યાદિ અનેક વિચારો આવે છે અને અનીતિનું ધન પાછું આપતાં અટકી જાય છે. પણ મનુષ્ય તે વખતે જાણતો નથી કે આ હરામની કમાણીથી મેળવેલું સંપત્તિનું સુખ મારા સ્ત્રી-પુત્ર-પરિવાર શી રીતે સુખેથી ભોગવી શકશે ?

કેટલાક બીજા મનુષ્યોને અનેક રીતે છેતરીને કકડે કકડે ધન મેળવે છે, ત્યારે કુદરતની લીલાથી આવી અનીતિની કમાણી સાથે નીતિની કમાણીનું ધન પણ સમય આવ્યેથી તેમની પાસેથી જડમૂળથી ચાલી જાય છે. અનીતિથી ધન પેદા કરનારના સંતાનો પૈકી કોઈ કુમાર્ગે અગર ગમે તે માર્ગે ધન ગુમાવે છે. કદાચ તેથી પણ વધુ પાપ હોય તો કોઈ સંતાન ન રહેતાં પોતાનું ધન કોઈ સગાં-વહાલા પાસે અગર તેથીયે નીચ માર્ગે સાસરીયાના હાથમાં જાય છે અને તે પાપી પગ ઘસતો મૃત્યુ પામે છે. પોતાની પાછળ પોતાની શ્રાદ્ધ-સંવત્સરી સંભાળનાર પણ કોઈ પરિવાર ન રહે, એવી સ્થિતિ પણ બને છે. ઈશ્વરની લીલામાં મનુષ્યના કર્મનો બદલો કઈ રીતે ચૂકવાય છે, તે એક અકલ્પનિય ગૂઢ પ્રશ્ન છે.

**દૃષ્ટાંત**

એક બ્રાહ્મણ ઘણાં વર્ષો સુધી દરિદ્રાવસ્થાથી પીડાતો હતો. ધન મેળવવા અનેક પ્રયત્નો કર્યા છતાં સફળતા મળી નહિ. યજમાનવૃત્તિ કરી છતાં ગુજરાન નભ્યું નહિ. તે એક મંદિરમાં પુજારી તરીકે કામ કરી પગાર મેળવતો હતો. કિંતુ પગાર ઓછો હોવાથી અગર મોજવૈભવ માટે જોઈતા પ્રમાણમાં પગાર મળતો ન હોવાથી તેની બુદ્ધિ ફરી. તેણે લોકો મંદિરમાં ભેટ મૂકે તે પૈસા ઉઠાવવા માંડ્યા. પરંતુ તે

ધનથી તેની પત્ની બીમાર રહેવા લાગી અને છેલ્લે લાંબા વર્ષોએ મળેલ એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો. આ પાપના ધનની વાત એની સ્ત્રી જાણતી ન હતી. તે સ્ત્રી માત્ર એટલું જ જાણતી હતી કે મારો પતિ સારું કમાય છે, પણ તે ક્યાંથી કમાઈ લાવે છે તે જાણતી ન હતી. પોતાના પુત્રના આઘાતથી તેણીએ ઘણો કલ્પાંત કર્યો. બ્રાહ્મણ પોતાના મેલા હૃદયની વાત એકલો પોતેજ જાણતો, પત્નીને કોઈને જણાવતો ન હતો.

એક વખત તે બ્રાહ્મણની ફોઈ દૂર પ્રદેશથી તે બ્રાહ્મણના પુત્રનું મૃત્યુ થયું તે જાણી આશ્વાસન આપવા આવી. તેણે પોતાના ભત્રીજા બ્રાહ્મણને રાત્રિના એકાંત સમયે કહ્યું :- ભાઈ ! તારા જેવા ધર્મીને ત્યાં ઘાડ પડે તે ઈશ્વરનો અન્યાય કહેવાય. બ્રાહ્મણે કહ્યું કે ફોઈબા ! હું અપ્રમાણિકતાની એક પાઈ પણ મેળવતો નથી, પ્રભુએ કર્યું તે ખરૂ. બ્રાહ્મણ આમ બોલ્યો તે વખતે બ્રાહ્મણની ફોઈબાએ તેની આંખ અને મુખમુદ્રા પરથી કલ્પી લીધું કે તેનો ભત્રીજો ગમે તે દગાકપટથી પૈસા પેદા કરે છે, પણ તેની સ્ત્રીના સાંભળતાં કાંઈપણ ન કહેતાં એટલુંજ કહ્યું કે તારો પિતા અને મારો ભાઈ બહુ પ્રમાણિક હતો, તેના પુત્રમાં તેનાજ સદ્‌ગુણ ઉતરેને ? બ્રાહ્મણ આ સાંભળી હસ્યો. બીજે દિવસે ફોઈએ વહુના સૂઈ ગયા પછી ભત્રીજાને પોતાની પાસે બોલાવીને કહ્યું કે બેટા ! તું બહું પ્રમાણિકતાથી પેદા કરે છે તે જોઈ હું ખુશ થાઉં છું, પરંતુ અપરાધ વિના રાજા પણ સજા કરતો નથી, તો વાંક વિના ઈશ્વર તને શા માટે સજા કરે ? તારો એકનો એક પુત્ર ગુજરી ગયો તેથી મને ઘણું દુઃખ થાય છે. તારા પિતાને બે પુત્રો હતા, પરંતુ તે બન્ને પુત્રો એકાએક પ્લેગ થવાથી ગુજરી ગયા હતા. તે પછી તારા પિતાએ રાજયની નોકરી કરવામાં લાંચો ખાધેલી તથા ન્યાતજાતમાં પોતે આગેવાન હોવાથી પટલાઈ-પંચાતો કરી તેમાંથી પણ ધન લીધું હતું. તે પછી તારા જન્મ પહેલાં બે વર્ષ અગાઉ તેણે જયાં જયાંથી ધન લીધેલું તેમને પાછું આપી દઈ ભગવાન શંકરના મંદિરે જઈ ઉપાસના કરી હતી. તે પછી તારો જન્મ થયેલો. આ હકીકત તારા પિતાએ એટલે કે મારા ભાઈએ મને કહેલી હોવાથી તથા ગઈકાલના તારા દેખાવ પરથી મને લાગે છે કે તે પણ કોઈ પાપ-દોષવાળી ધનસંપત્તિ મેળવીને ભૂલ કરેલી છે. તેથી જ તેં કલબલ કરતો પુત્ર રત્ન ગુમાવ્યો છે.

તારે મને સાચું ન કહેવું હોય તો ન કહે, પણ તું તારા પાપને સુધારી લે. મહાન પુરૂષોની પણ ભૂલ થાય છે, તો મનુષ્યની ન થાય એમ કેમ બને ? સંસારમાં તમારી પાસે કેટલું ધન છે એમ કોઈ પૂછતું નથી, પણ શું પરિવાર છે એમ સહુ કોઈ પૂછે છે. સંસારનું જીવતું જાગતું ધન પુત્રપરિવાર છે. મકાનો, જમીનો કે સોનું, ચાંદી આદિ ધને નકામું છે. પ્રભુને ઘેર પુત્રની ખોટ નથી છતાં તારું નખોદ (વંશનો ઉચ્છેદ યા સત્યાનાશ) કેમ જાય છે, તેની શોધ કરી સાચા અંતરથી પ્રભુની ક્ષમા માંગીને યોગ્ય લાગે તેમ કર.

બ્રાહ્મણ આ વચનો સાંભળતાં ચોધાર આંસુથી રડી પડ્યો અને પોતાની ફોઈને કહેવા લાગ્યો કે :- ફોઈબા ! આપનું પ્રત્યેક વચન સત્ય છે. પહેલાં હું પ્રમાણિકતાથી કમાતો અને જીવતો, પણ મારી પત્નીને ધનવાન બનીને ફરવાની ઈચ્છા હોવાથી તથા સુખવૈભવ ભોગવવાની લાલસા હોવાથી મને કહેતી કે તમને પરણીને મેં શું સુખ ભોગવ્યું ? ગરીબીમાં રહેવું તેને ગમતું ન હતું. આથી મેં તેને સુખી કરવા માટે પગાર ઉપરાંત મંદિરમાં લોકો ધનધાન્ય યા પૈસા મૂકી જાય, તેમાંથી ઉઠાવીને ઘેર લાવવા માંડ્યું. જો મારી સ્ત્રીએ પગાર ઉપરાંતનું બીજું ધન ક્યાંથી લાવો છો, એમ કોઈ વખત પૂછ્યું હોત તો હું અટકી જાત. પણ મારી સ્ત્રીને તો શેઠાણીનું પદ જોઈતું હતું, વૈભવ જોઈતો હતો, નોકર-ચાકર જોઈતા હતા, એટલે ધન કમાવામાં મને બાહોશ ગણી તેણીએ મારા ઘણા વખાણ કરવાથી હું વધુને વધુ પાપનું, હરામનું ધન લાવતો ગયો. આથી કુદરતના ન્યાયે ચાલીસ વર્ષની ઉંમરે મારી પત્નીને થયેલ પુત્ર પણ અત્યારે હયાત રહ્યો નથી.

ફોઈએ કહ્યું :- ધન્ય છે તને, તારા પિતાને ભૂલ સમજાઈ તેમ તું પણ સમજી શક્યો. તારા પિતાએ દરેકનું આવેલું પરધન પાછું આપેલું. છતાં શરતચૂકથી કોઈને આપવાનું બાકી રહ્યું હશે તેથી અથવા તેમના થોડા દૂર્ગુણોથી તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે. તું સમજ કે સંસારમાં લોકો અનેક પાપ કરીને પ્રભુની કાંઈક દયા-કૃપા રહે અને પાપનું ફળ ખરાબ કે કઠણ ન આવે તે માટે પ્રભુના દ્વારે (મંદિરે) જઈ કાંઈક ધન ભેટ તરીકે મૂકી આવે છે, તે ધન જો તું ખાય તો તારૂં સત્યાનાશ કેમ ન જાય ? બેટા ! ભૂલ થઈ ગઈ તે માટે તારો સાચા હ્દયનો પશ્ચાતાપ જરૂર તને સુખી કરશે. હવે પછી

કદાપિ આવું ધન લાવીશ નહિ. ફોઈબાની શિખામણથી તે વિપ્રે એક અઠવાડિયું નોકરી કરી, પછી મંદિરમાંથી નોકરી છોડી છૂટો થયો અને ઘેર આવ્યો. ત્યારબાદ વિપ્રે નિર્ણય કર્યો કે પ્રભુ સર્વને અન્નવસ્ત્ર આપે છે તો મને કેમ નહિ આપે ? મારી પાસે ધન આવશે ત્યારે લીધેલું-ખાધેલું ધન મંદિરમાં જઈને પાછું આપી આવીશ.

પ્રમાણિક રીતે ધન પ્રાપ્ત કરવા તથા પાપદોષ નિવારણ કરવા માટે સ્વપત્નીને ફોઈ પાસે મૂકી મહેનત મજૂરી કરી ગુજરાન નિભાવવા સલાહ આપી, પોતે ધંધાર્થે દૂર દેશ ગયો.

બ્રાહ્મણે ધન કમાવા પ્રમાણિક રીતે મહેનત કરી તેનો બદલો પ્રભુએ વ્યાજ સાથે વાળી આપ્યો. બ્રાહ્મણને ઈશ્વરની કૃપાથી બીજા શેઠિયાઓની મદદ મળવાથી વેપાર કર્યો અને પ્રમાણિકપણે અઢળક દ્રવ્ય પેદા કર્યું. પછી તેણે મંદિરે જઈ સર્વ ધન અર્પણ કરી દીધું અને પાપમાંથી મુક્ત થયો. એટલા માટે મહારાજશ્રી વલ્લભરામે ઠીક કહ્યું છે કે :-

**સત્ય કર્મમાં વાપરેલ નાણાં, મિથ્યા કદી જાતા નથી;**
**કુકર્મથી મેળવેલ નાણાં, સુખે કોઈ ખાતા નથી;**
**ચાર ઘડી ઊજળું દીસે, પણ છેવટ અંધકાર છે;**
**પાપ કર્મથી પ્રલય થાયે, સત્ય કર્મે જયકાર છે.**

બ્રાહ્મણને કડવો અનુભવ થયેલો હોવાથી પ્રભુને હંમેશાં અરજ કરતો હતો કે :- મને લક્ષ્મી જોઈતી જ નથી. મને મારો ઘરસંસાર ચાલે એટલી જ લક્ષ્મી આપશો. હવે લક્ષ્મી પર મારો મોહ રહ્યો નથી. આવા જ ભાવો રજૂ કરતાં મહારાજશ્રી વલ્લભરામે ''વલ્લભ વિષ્ટી-ભાગ ૧''માં લખ્યું છે કે :-

**અમને ઉપદેશ આ ઠાલા - એ રાગ**

**અમને છે દુઃખ દેનારી, શામળા, લઈ લો લક્ષ્મી તમારી;**
**ભક્તોને મન છે અકારી, શામળા, લઈ લો લક્ષ્મી તમારી. ટેક**
**લક્ષ્મી આપો તો સદ્‌બુદ્ધિ આપો, નહિ તો લક્ષ્મી વિકારી;**
**પંચ વિષયના ભોગ ભોગવાવે, પછી ઓકાવે ભારી. શા.૧**
**ઊંચા ચઢાવી નીચે પછાડે, નાંખે વણ મ્હોતે મારી;**
**લક્ષ્મી દેખીને લક્ષ ફરી જાય છે, શું કરે બુદ્ધિ બિચારી ? શા.૨**

**કામ, ક્રોધ, મોહ, લોભ ને મદ, મત્સર વધીને થાય અહંકારી;**
**ચક્ષુ તો ચોગરદમ રહે ફરતા, વૃત્તિ તો વ્યભિચારી. શા.૩**
**મારી પાડે માનમાં તોફાની તાનમાં, કરાવે અસર નઠારી;**
**વ્યસનમાં નાંખે ક્રોધ હૃદે રાખે, ખાન પાનની ખુવારી. શા.૪**
**એવી તો લક્ષ્મી દેશો ના દાસને, છોને રહું સદા ભિખારી;**
**"વલ્લભ" વદે રહેજો પ્રભુ હદે, વિકારી માયા નહિ સારી. શા.૫**

લક્ષ્મી ઉપાર્જન કરવામાં મોહ, લોભ, કપટ, ચાલાકી, યુક્તિ, પ્રપંચ, વાક્ચાતુર્ય કે જૂઠ ન વાપરતાં જે પ્રમાણિકપણે સાચી મહેનતથી મળે તે લક્ષ્મી છે, અને તેવી લક્ષ્મી જો આપણે ત્યાં પ્રવેશે તો તે સદ્લક્ષ્મી ગમે તેટલી વાપરવામાં આવે તોપણ જતી નથી. સદ્લક્ષ્મીનો પ્રાપ્ત થયેલો એક રૂપિયો લોહચુંબક બની હજારો રૂપિયાને ખેંચી લાવે છે. સદ્લક્ષ્મીમાંથી જેટલું ધન સન્માર્ગે વપરાય તે જેમઆંબાને અનેક કેરીઓ લાગે છે તેમ અનેકગણો લાભ આપ્યાજ કરે છે, પણ તેમાં ખાસ સાચવવાનું એ છે કે :- લક્ષ્મી પેદા કરતી વખતે આપણા અંતરમાં કોઈ મોહ, લોભ, લાલચ, આકાંક્ષા યા વધુ મેળવવાની ઈચ્છા અને કોઈની લક્ષ્મી મેળવવાની લાલસા કદી જાગવી ન જોઈએ. એટલું જ નહિ પણ કોઈની લક્ષ્મી ઉપર આપણી નજર સહેજ પણ બગડવી ન જોઈએ.

તદુપરાંત શારીરિક, માનસિક યા બુદ્ધિગમ્ય પરિશ્રમવિના કોઈની પણ ધન-સંપત્તિ મળે તેનો વિવેકપૂર્વક ત્યાગ કરવો જોઈએ. "લાલચથી લપટાય તેજ લોભી" અને "લાલચ રાખે તેજ લંપટ" હોઈ પ્રમાણિકતાની કમાઈનો પૈસો આવે તેનેજ લક્ષ્મી સમજીને લેવો, એવો જે નિયમ જાળવે તેજ "લક્ષ્મીપતિ" છે.

પ્રાચીન સમયના એક સાયન્ટિસ્ટ અને કુશળ એન્જિનિયર ભૃગુઋષિએ "લક્ષ્મીપતિના અહંકારથી" બોલતા પ્રભુની છાતીમાં લાત મારી, ત્યારે પ્રભુને પોતાની ભૂલ સમજાઈ કે :- આ નિર્લોભી બ્રાહ્મણ લક્ષ્મીથી લેશ પણ લલચાય તેમ નથી અને લક્ષ્મીપતિ તરીકેના મારા પ્રભાવથી અંજાય તેમ નથી. હું તો માત્ર લક્ષ્મીપતિ છું પણ ભૃગુ તો લક્ષ્મીપતિનો પણ પતિ છે. અર્થાત્ ભૃગુ લક્ષ્મીની કે મારી કોઈ સ્પૃહા ન રાખનાર સાચો લક્ષ્મીપતિ છે. ત્યારે પ્રભુએ ભૃગુને કહ્યું કે :- મહારાજ

! આપના કોમળ ચરણને મારા વજ્ર જેવા કાળજાનો સ્પર્શ થતાં વાગ્યું હશે તેની ક્ષમા કરજો. આ શબ્દોમાં શોધી લેવાનું છે કે પ્રભુનું વજ્ર જેવું કાળજાું એટલે શું ? જેનામાં લક્ષ્મીનો ભલે લોભ ન હોય પણ મોહ હોય, લક્ષ્મીપતિપણાનો ગર્વ હોય તે સર્વનાં કાળજાં સર્વદા વજ્ર જેવાં કઠણ હોય છે. લક્ષ્મી યા લક્ષ્મીપતિની જેને પરવાહ નથી, જેને પ્રમાણિકતા સિવાયની લક્ષ્મી જોઈતી નથી, છતાં મળે તો તેને ઠોકર મારવાની અને ભિખારી હાલતે જીવવાની જે હિંમત ધરાવે છે, તે ભૃગુ સમાન નિર્મોહી હોઈ લક્ષ્મીપતિને પણ નમાવવા ભાગ્યશાળી બને છે. તેના તન-મન-હૈયામાં પરસ્ત્રી કે પરધન મેળવવાની કદી ઈચ્છા હોતી-રહેતી નથી અને જે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર ઉપર કાબુ ધરાવે છે, તે ઈંદ્રિયજીત, મનોજીત, બુદ્ધિજીત અને સર્વજીત મહાપુરૂષ છે. ન માગે તો પણ તેવા મનુષ્યોને માગ્યા વિના જોઈએ તે કરતાં વધુ લક્ષ્મી મળ્યે જાય છે. લક્ષ્મીના લાલચુઓ લક્ષ્મી ના ઢગલાની નીચે પોતેજ દબાઈ જાય છે અને લક્ષ્મી પ્રત્યે, સંસારના સુખ-સંપત્તિ પ્રત્યે અનાસક્તિ રાખનાર "અનાસક્ત યોગી" લક્ષ્મીના ઢગલા નીચે કદી પણ દબાતો નથી, પણ તે લક્ષ્મીના ઉપર વર્ચસ્વ ધરાવી ધનના ઢગલા પર બેસે છે. તે લક્ષ્મીને સન્માર્ગે વાપર્યાજ કરે છે, તેમ તેમ તેને વધુ ને વધુ લક્ષ્મી મળ્યે જાય છે. માટે જો લક્ષ્મીના લંપટ બન્યા તો લક્ષ્મી આપણી છાતી પર ચઢી બેસશે અને શ્વાસોશ્વાસ બંધ કરી દેશે. પણ જો નિર્લોભી બનીશું તો લક્ષ્મી માતા પોતાના બાળક સમજી આપણને અનાસક્ત બ્રહ્મજ્ઞાનનું એવું અમૃત પીવડાવશે કે જેથી સંસારનું સાચું સુખ, શાંતિ, આનંદ, સંપત્તિ સર્વ કાંઈ મળ્યા કરશે અને સદ્‌બુદ્ધિનો સહેજ પણ લોપ થશે નહિ કે શેતાનિયતનો, સ્વાર્થીપણાનો, દંભીપણાનો અંશપણ આપણામાં આવશે નહિ.

૩૮

**શિષ્ય :-** પ્રમાણિક રીતે ધન કમાવાથી શું લાભ થાય છે, તે કૃપા કરી જણાવો.

**ગુરુદેવ :-** આ વિષય પર એક દૃષ્ટાંત કહેવામાં આવે છે તે સાંભળો. એક ભક્તે પોતાને મળતા પુષ્કળ ધનને લાત મારી અને પોતાના ખેતરમાંથી ખોદતાં નીકળેલો ધનથી ભરેલો ચરુ પોતે ન લેતાં, રાજાને જઈને આપ્યો. રાજાએ પોતાના ગુપ્ત અનુચરો દ્વારા જાણી લીધું કે આ ખેડૂત ભક્ત ઘણોજ ગરીબ છે અને એને

ખાવાનાં પણ સાંસા છે. છતાં આ ધનને ન લેતાં મને આપવા આવ્યો છે, માટે તેની ગરીબી ઉપર દયા લાવી મારે તે ધન તેનેજ આપી દેવું જોઈએ.

રાજા વિચાર કરે છે ત્યાં પ્રધાને ખેડૂતને પૂછવા માંડ્યું કે :- આવા ચરુ કેટલા નીકળ્યા હતા ? ખેડૂતે જવાબ આપ્યો કે :- એકજ, પ્રધાને ખેડૂતને ધમકાવીને પૂછ્યું કે :- પાંચ ચરુ નીકળ્યા હોવા છતાં તું એકજ ચરુ રાજાને બતાવવા આવ્યો છે અને સાચી હકીકત કહેતો નથી. ભક્તે કહ્યું :- ખેતરમાં ખેડતાં હળ અટકી ગયું તેથી ત્યાં ખોદતાં આ એક ચરુ નીકળ્યો છે. પ્રધાને કહ્યું :- આમાંથી કેટલીક સોના મહોરો તે ઉઠાવી લીધી હોવાથી ચરુ થોડો ખાલી છે. માટે કેટલી સોનામહોરો તેં લીધી છે, તે સાચું બોલ. ત્યારે ખેડૂતે કહ્યું :- મેં ચરુમાં હાથ પણ નાંખ્યો નથી અને આ ધન રાજાનું છે એમ માનીને તેમાંથી મેં કાંઈપણ લીધું નથી. પ્રધાને કહ્યું :- તું ગરીબ છે, તેથી ફાટ્યા લૂગડે ફરે છે, તારી પાસે ખાવાનું પૂરું સાધન પણ નથી અને તું દેવાદાર છે. ખેડૂતે કહ્યું :- જી, હા. પ્રધાને ઊભા થઈને રાજાને કહ્યું કે :- આ ખેડૂતે થોડી સોનામહોરો પોતાનું દેવું આપવા તથા ભરણપોષણ માટે લીધી છે. તે ચોરી ન સમજાય તેવી છે. માટે તેને જેલમાં પૂરી દેવા હુકમ થવાની જરૂર છે. ખેડૂતે કહ્યું :- મારી ઝૂંપડીમાં કે ખેતરમાં મેં કાંઈપણ લીધેલું કે છુપાવેલું નથી, તેની આપ તપાસ કરો.

રાજાએ કહ્યું :- રાજ્યના ધનની ચોરીના આક્ષેપમાં હું તને જેલમાં લઈ જવાનો હુકમકરીશ ત્યારે તું સાચું બોલીશ. ખેડૂતે કહ્યું :- આપ માલિક હોઈ ફાવે તે હુકમ કરો, મેં કાંઈપણ લીધું નથી. રાજાના હુકમથી રાજદૂતોએ તેને દોરડે બાંધ્યો, હાથકડી પહેરાવી. ત્યારે રાજાએ કહ્યું : હજુ જે હોય તે સાચું બોલી દે અને આપી દે. ખેડૂતે તેજ જવાબ આપ્યો કે નામદાર ! મેં કાંઈ પણ લીધું નથી.રાજાએ પ્રધાનને કહ્યું :- પ્રધાનજી ! તમો દિશા ભૂલો છો. આ માણસ ધનથી ગરીબ છે પણ ચોખ્ખા અંતરનો હોવાથી દેવાદાર હોવા છતાં કાંઈપણ લીધા વિના ચરુ આપવા માટે દરબારમાં લાવ્યો છે. જો તેને લેવું હોત કે છુપાવવું હોત તો ચરુ લાવતજ નહિ, કેમકે તેનું ખેતર દૂર હોવાથી તેમજ વસ્તી વિનાનું હોવાથી કોઈ જાણી શકે તેમ ન હતું. તે આખો જ ચરુ તથા ચરુનું ધન હજમ કરી જાત અને બતાવવા આવત નહિ. માટે થોડા ધનની ખાતર તે ચોરી કરે, એમ મને લેશપણ લાગતું નથી.

પ્રધાને કહ્યું : મહારાજ ! હું આપના મત સાથે મળતો થાઉં છું. આપ પૂર્ણ ન્યાયી છો. આથી રાજાએ તે ચરુ તે ગરીબ માણસને આપ્યો અને છોડી મૂક્યો.

ખેડૂતે કહ્યું :- મહારાજ ! મારે વગર મહેનતનું ધન કદી જોઈતું નથી. પારકું ધન ખાઈને મારે આ જન્મનું તથા આવતા જન્મનું પાપનું ભાથું બાંધવું નથી. વગર મહેનતનું પારકું ધન ખાઉં તો પ્રભુ રાજી ન રહે, તેથી હું તેમાંથી કાંઈજ લઈ શકીશ નહિ.

રાજાએ કહ્યું :- તારે મારો હુકમ માનવોજ પડશે અને આ ચરુ લઈ જવો પડશે. તું મારી આજ્ઞાનો અનાદર કરી શકીશ નહિ.

ખેડૂતે કહ્યું :- આપની આજ્ઞાના અનાદરના ફળરૂપે મને જેલ મળશે પણ પ્રભુના અનાદરના ફળરૂપે મારે ભવોભવ દુઃખી થવું પડશે, મારો પરિવાર પણ દુઃખી થશે. માટે રાજાઓના પણ રાજા એવા પ્રભુના હુકમનો હું અનાદર કરી શકીશ નહિ.

રાજા ખેડૂતની પ્રમાણિકતા અને નિડરતા જોઈ ઘણો પ્રસન્ન થયો અને પોતે વિચાર કરવા લાગ્યો કે :- એક અભણ મનુષ્યમાં પ્રભુનો ડર છે, હરામનું ધન નહિં ખાવાનો દૃઢ સંકલ્પ છે પણ હું જ એવો એક લાલચુ મનુષ્ય છું કે વગર મહેનતનું પારકું ધન ખાઈને સર્વદા જીવન જીવું છું અને હરામના પરાયા ધન વડે મોજ-શોખ-એશઆરામ કરું છું. મને પ્રજાની મહેનતનું ધન ખાવાનો અધિકાર નથી, છતાં ખાઉં છું અને હું પોતે મનનો મેલો હોવા છતાં હૃદયની કાળાશને ધોઈ શકતો નથી, તેમજ લોકોમાં સારો, મોટો અને પ્રમાણિક માણસ થઈને ફરું છું. હું પ્રભુને તો ઓળખતો જ નથી. લોકો મને ન્યાયી અને નીતિમાન માને છે, પરંતુ હું મારા હૃદયના પાપ અને દંભની કાળાશ જોઈ શકતો નથી. મારા પાપ-દોષ કહેવા મારું અંતર ઉછાળો મારે છે, છતાં મારા મોટાપણાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તથા મને લોકો ખરાબ સમજે, માટે હું હૃદય પર દંભનો ડૂચો મારીને સત્ય કહી શકતો નથી. મેં પ્રજાના લોહી ચૂસીને, જુલમગુજારીને તથા દેવ-દેવસ્થાનના પૈસા લઈને ધન પેદા કર્યું છે. પાપનો ભોગી ફક્ત હું એકલો બનું છું અને ધન-વૈભવ મારાં સ્ત્રી-પુત્રો ભોગવે છે, જ્યારે હું પાપનો ભંડાર એકઠો કરીને જઈશ, પરસેવો પાડ્યા વિનાના ધનને નહિ લેનાર આ પ્રમાણિક ખેડૂતને મારે કાંઈક આપવું જોઈએ, એમ વિચારી રાજાએ પ્રધાનને કહ્યું કે આ ભક્ત કોઈનો પૈસો લેશે નહિ. માટે તેના લેણદારને રાજ્યના ખજાનામાંથી તેના દેવાના પૈસા આપી દો અને પચાસ હજાર સોનામહોરો તથા આ ચરુ તેને મોકલી આપો.

(વધુ આવતાં અંકે)

## પ્રાણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુશ્રી રમુજીલાલ જન્મજયંતિ મહોત્સવ

આપણા સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, પ્રેમ સિંધુ અને પરમયોગેશ્વર શ્રી રમુજીલાલની જન્મ જયંતિ સંવત ૨૦૭૨ના આસો સુદ-૧ ને શનિવાર તા. ૧-૧૦-૨૦૧૬ના રોજ હોવાથી મંગલ મહોત્સવ તા. ૩૦-૯-૨૦૧૬ને શુક્રવાર તથા તા. ૧-૧૦-૨૦૧૬ને શનિવાર એમ બે દિવસ માટે વલ્લભાશ્રમ અનાવલ મધ્યે આનંદપૂર્વક ઊજવવામાં આવશે.

જેથી દરેક ધર્મબંધુ ભાઈ-બહેનોએ ગુરૂવાર તા. ૨૯-૯-૨૦૧૬ ની સાંજ સુધીમાં વલ્લભાશ્રમ મુકામે આવી રહેવું.

## ૨૦૧૭ના વર્ષ માટે ચેતવણી લવાજમ ભરવા બાબતે સૂચના

આથી ચેતવણી માસિક ના દરેક ગ્રાહક ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે ચેતવણી માસિક ૨૦૧૭ના વર્ષ માટેનું લવાજન લેવાનું તા. ૧-૯-૨૦૧૬ થી ચાલુ રહેશે જેથી દરેક ગ્રાહક ભાઈ-બહેનોએ પોતાનું લવાજમ નિયુક્ત પ્રતિનિધિઓને ત્યાં સમયસર ભરાવી દેવું. લવાજમ ભરવાની છેલ્લી તા. ૩૧-૧૨-૨૦૧૬ રહેશે.

આસો સુદ-૧ તા. ૧-૧૦-૨૦૧૬ના રોજ સદ્‌ગુરુ શ્રી રમુજીલાલ જન્મજયંતિ મહોત્સવ દરમિયાન અનાવલ મુકામે પણ લવાજમ ભરી શકાશે.

લવાજમ મનીઓર્ડર થી મોકલવાનું એડ્રેસ :- ચેતવણી કાર્યાલય, શ્રી વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૮.

**વાર્ષિક લવાજમરૂા. ૭૦ તથા આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/-**

છુટક નકલ રૂા. ૫-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

**ભલે તમે સન્યસ્તદીક્ષા લઈ સન્યાસી ન બનો, પણ સંસારમાંથી આશક્તિ કાઢી નાંખો, અપેક્ષાને ઉખેડી નાંખો, વાસનાને નિર્મૂળ કરો, પ્રભુને અને પ્રભુ–સર્જિત પ્રારબ્ધને વશ થાવ. જો પ્રભુને આધિન જીવતાં શીખશો તો, પ્રભુ તમારી જીવન નૈયાનો ખેવૈયો બની, તમને ઉત્કૃષ્ટ માર્ગે દોરશે અને તે જીવિત દશામાં દિવ્ય સુખ, શાન્તિ અને આનંદ આપી, અલૌકિક પરમસુખમાં નિમગ્ન કરશે. પ્રભુ દુનિયાને નાશમાંથી બચાવતો નથી. પરંતુ આત્માને અકલ્યાણરૂપ નાશમાંથી જરૂર બચાવે છે. મનુષ્ય જીવનમાં કોઈક અવસ્થામાં કર્મનો ત્યાગ કરી શકતો નથી. કેમકે દરેક અવસ્થામાં ગમે તે પ્રકારનું શુભાશુભ કર્મ તો અવશ્ય થવાનું જ છે. માટે કર્મ ત્યાગવાનો કાંઈજ અર્થ નથી, પણ કર્મફળની અપેક્ષા ત્યાગવી એટલે નિષ્કામ કર્મયોગી બનવું તેજ પ્રભુ પરાયણતા છે. જે જીવ પ્રભુપરાયણ બન્યો છે, તેજ પ્રભુની સાનિધ્યમાં છે.**

**વર્ષ-૧૨, અંક-૮, સંવત ૨૦૭૨ શ્રાવણ વદ-૧૦, શનિવાર ૨૭-૦૮-૨૦૧૬**

| | |
|---|---|
| **માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી** | : જયવર્ધન રમુજીલાલ વ્યાસ<br>વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.<br>દ્વારા તા. ૨૭-૦૮-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કર્યું. |
| **ચેતવણી કાર્યાલય** | : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. |
| **મુદ્રણ સ્થળ** | : ભવાની ઓફસેટ,૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫. |